## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**જો મેં ગણ્યુ છે... તું આઠથી દસનાં સમયગાળામાં રૂપિયા પાંચસોથી વધુ ફટાકડા ફોડી શકવાનો નથી... એટલે તને રૂ. પાંચસો મળશે.**

# પંચાયત તલાટીઓની પગાર વિસંગતા દૂર કરવાનો નિર્ણય

## પંચાયત અને મહેસુલના તલાટીઓને સમાન ધોરણે બઢતી અને ઉચ્ચતર પગારનો લાભ મળશે : નીતિનભાઈ પટેલ

ગાંધીનગર,તા.૨

નાયબ મુખ્ય મંત્રી નીતિન પટેલે જણાવ્યું છે કે, રાજય સરકારે કર્મચારીઓના પ્રશ્નો હંમેશા ઉદાર વલણ અપનાવ્યું છે, તે પ્રમાણે ૧૨ હજારથી વધુ પંચાયત તલાટીઓના હિતમાં રાજય સરકારે લીધેલા નિર્ણયની જાહેરાત કરતાં તેમણે જણાવ્યું હતું કે, પંચાયત અને મહેસૂલના તલાટીઓ પ્રત્યેર સપ્રમાણ ન્યાલયી વલણ રાખવા પંચાયત તલાટી મહામંડળની રજૂઆત અન્વયે અગાઉના પરિપત્રને રદ કરવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે. જેનાથી વર્ષોથી ફરજ બજાવતા તલાટીઓમાં ઉભી થયેલી પગાર વિસંગતતા દૂર થશે.

નાયબ મુખ્યમંત્રી પટેલે વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે, અગાઉ તલાટી મહામંડળની હડતાળ વખતે મહેસૂલ મંત્રી કૌશિક પટેલ, આદિજાતી વિકાસ મંત્રી ગણપતસિંહ વસાવા, સામાજિક ન્યાળય અધિકારીતા મંત્રી ઈશ્વરભાઈ પરમાર અને પંચાયત રાજયમંત્રી જયદ્રથસિંહ પરમાર સહિતના મંત્રીઓએ મુખ્યમંત્રી વિજય રૂપાણી સાથે ચર્ચા-વિમર્શ કરી તલાટીઓના પ્રશ્નનું નિરાકરણ કરવા પ્રયત્ન કર્યો હતો.

આજે રાજયના નાયબ મુખ્યયમંત્રી અને નાણા મંત્રીના અધ્યયક્ષસ્થામને મહેસૂલ મંત્રી કૌશિક પટેલ, સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી ઈશ્વરભાઈ પરમાર, પંચાયત રાજયમંત્રી જયદ્રથસિંહ પરમાર અને ઉપરાંત નાણા, મહેસૂલ, પંચાયત અને સામાન્યપ વહીવટ વિભાગના ઉચ્ચા અધિકારીઓની બેઠક મળી હતી, જેમાં તલાટીઓના પ્રશ્નોના નિરાકરણ માટે વિચાર-વિમર્શ બાદ આ નિર્ણય લેવાયો હતો.

રાજય સરકારના આ નિર્ણયથી પંચાયત વિભાગના તલાટીઓ હવેથી મહેસૂલ તલાટી જે પ્રમાણે જે પગાર ધોરણમાં પ્રમોશન મેળવે છે, તે જ પ્રમાણે હવે બઢતી અને ઉચ્ચ તર પગારનો લાભ મેળવતા થશે. રાજય સરકારના આ નિર્ણયથી બાર હજાર કરતાં વધુ પંચાયત કેડરના તલાટીઓને લાભ થશે.

# સ્ટેચ્યૂ ઓફ યુનિટીએ સરદાર સાહેબ અને ગુજરાતની ગરિમા ઉન્નત કરી છે : યોગી આદિત્યનાથ

ગાંધીનગર, તા. ૨

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથજીએ ભારતની એકતા અખંડિતતાનો વિશ્વને સાક્ષાત્કાર કરાવીને આવનારી પેઢીઓ સુધી એક ભારત-શ્રેષ્ઠ ભારતનો ભાવ પ્રેરિત કરતા વિશ્વના સૌથી ઊંચા 'સ્ટેચ્યૂ ઓફ યુનિટી' સરદાર સાહેબની વિરાટત્તમ પ્રતિમાની નિરીક્ષણ મુલાકાત કેવડીયા પહોંચીને કરી હતી.




મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ તેમને ગુજરાત સરકાર અને સૌ ગુજરાતીઓ વતી આવકાર્યા હતા.

વિજયભાઈ રૂપાણીએ ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી સાથે વેલી ઓફ ફલાવર્સ, ટેન્ટ સિટી, સરદાર સાહેબના જીવન કવનના પ્રદર્શન, વોલ ઓફ યુનિટી સહિતના સમગ્ર પરિસરની મુલાકાતમાં સાથે રહીને વિસ્તૃત વિવરણ આપ્યું હતું.

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રીએ સરદાર સાહેબને ભાવાંજલિ આપતાં કહ્યું કે, દેશની એકતા અખંડિતતાના આ શિલ્પીની વિરાટત્તમ પ્રતિમા રાષ્ટ્રની વૈશ્વિક ઓળખ બની છે.

તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ દીર્ઘદ્રષ્ટિપૂર્ણ આયોજન અને દ્રઢ સંકલ્પ સાથે સરદાર સાહેબની વિશ્વની ઊંચામાં ઊંચી પ્રતિમાનું નિર્માણ કરાવીને સરદાર સાહેબ અને ગુજરાતનું ગૌરવ ઉન્નત કર્યુ છે તેમ પણ ઉમેર્યુ હતું.

યોગી આદિત્યનાથજીએ પ્રચાર માધ્યમો સાથે સંવાદ સાધતા કહ્યુ કે, ૫૬૨ રજવાડાઓને એક કરીને ભારત વર્ષને એકતાના તાંતણે બાંધનારા સરદાર સાહેબનું આ કાર્ય આવનારા યુગો સુધી યુવા પેઢીને પ્રેરણા આપશે અને રાષ્ટ્રચેતનાનો સંચાર કરશે.

સરદાર સાહેબની કલ્પનાને સરદાર સરોવ બંધના નિર્માણ સાથે સાકાર કરીને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના કિસાનોને સિંચાઈની સુવિધા આપીને, ગુજરાતને સમૃદ્ધિ તરફ લઈ જવા વિકાસના દ્વાર ખોલી આપ્યા છે. એવી આ ભુમિના સ્થાનિક આદિવાસીઓ માટે સ્ટેચ્યૂ ઓફ યુનિટીને વર્લ્ડ કલાસ ટૂરિઝમ સેન્ટર તરીકે વિકસાવીને ટૂરીસ્ટ ગાઈડ તરીકે રોજગાર અવસર પૂરા પાડયા છે તે માટે અભિનંદન પાઠવ્યા હતા.

આ અવસરે નર્મદા નિગમના સીએમડી એસ.એસ. રાઠોર, નિગમના સંયુકત વહીવટી સંચાલક સંદીપકુમાર, જિલ્લા કલેકટર આર.એસ. નિનામા, જિલ્લા વિકાસ અધિકારી ડૉ.જીમ્સી વિલિયમ્સ, નાયબ વન સંરક્ષક ડૉ.કે. શશીકુમાર અને પ્રતિક પંડયા, નિગમના ચીફ એન્જિનિયર પી.સી. વ્યાસ સહિત અધિકારીઓ જોડાયા હતા.

# આજે કોંગ્રેસની કારોબારી બેઠક

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિની "વિસ્તૃત કારોબારી" બેઠક તા. ૦૩/૧૧/૧૮,શનિવાર સમયઃ- બપોરેઃ ૩-૦૦ કલાકે. જીલ્લા પંચાયત, સે-૧૭, ગાંધીનગર ખાતે જિલ્લા કોંગ્રેસ પ્રમુખશ્રી સૂર્યસિંહ ડાભીના અધ્યક્ષપદે યોજાશે જેમાં એ.આઈ.સી.સી સેક્રેટરીશ્રી જીતેન્દ્ર બઘેલજી, પ્રદેશ ઝોન પ્રભારીશ્રી લાખાભાઈ ભરવાડ (મા.ધારાસભ્યશ્રી), જીલ્લા નિરીક્ષક સર્વશ્રી ગેનીબેન ઠાકોર(ધારાસભ્ય), શ્રી રઘુભાઈ દેસાઈ, લોકસભા નિરીક્ષકો સર્વશ્રી સાગરભાઈ રાયકા, ડો. દિનેશભાઈ પરમાર, ગોવાભાઈ દેસાઈ, વિધાનસભા નિરિક્ષકશ્રીઓ, જીલ્લા કોંગ્રેસના વરિષ્ઠ આગેવાનો સહિત ધારાસભ્યો સર્વશ્રી બળદેવજી ઠાકોર, ડૉ.સી.જે.ચાવડા, શ્રી સુરેશભાઈ પટેલ, જિ.પં.પ્રમુખ શ્રીમતિ મંગુબેન ચૌધરી, પ્રદેશ હોદ્દેદારશ્રીઓ, જીલ્લા-તાલુકા પંચાયત-નગરપાલિકાના ચુંટાયેલા નેતા-સદસ્યશ્રીઓ, આગેવાનો, જિલ્લા કોંગ્રેસના હોદ્દેદારશ્રીઓ, તાલુકા-શહેર સમિતિઓના પ્રમુખશ્રીઓ, વિવિધ સેલ-વિભાગ ઉપરાંત યુવક કોંગ્રેસ, કોંગ્રેસ સેવાદળ, મહિલા કોંગ્રેસ, એન. એસ. યુ.આઈના પ્રમુખશ્રીઓ વિગેરે ઉપસ્થિત રહેશે.

# બીએસએફની નેશનલ એકેડેમી ઓફ કોસ્ટલ પોલીસના પ્રથમ તાલીમ વર્ગનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨

બીએસએફ દ્વારા ઓખા ખાતે નેશનલ એકેડેમી ઓફ કોસ્ટલ પોલીસની સ્થાપના કરવામાં આવી છે. જે અંતર્ગત તા. ૨૯મી ઓકટોબરે દરિયાઈ સીમા પોલીસ ફાઉન્ડેશન કોર્સના પહેલા પ્રશિક્ષણ મોડયુલનો પ્રારંભ કરવામાં આવ્યો છે. અત્યાર સુધી સમુદ્રી સીમાને સુરક્ષિત રાખવું તે એક પડકારરૂપ કાર્ય હતું પરંતુ હવે એકેડેમીના આ કોર્સ થકી આ ક્ષેત્રે પોલીસને દરિયાઈ સીમાની સુરક્ષા અંગે વધુ



તાલીમબધ્ધ કરી શકાશે. જેને પગલે દેશ વિરોધી પ્રવૃત્તિઓ પર અંકુશ લાદવામાં અસરકારકતા વધશે.

નેશનલ એકેડેમી ઓફ કોસ્ટલ પોલીસના પહેલા પ્રશિક્ષણ મોડયુલનો પ્રારંભ બીએસએફના ગુજરાત ફ્રન્ટિયર એકમના મહા નિર્દેશક જી.એસ. મલિકના હસ્તે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે નવી દીલ્હીથી બીએસએફના પ્રશિક્ષણ વિભાગના આઈજી આઈ.ડી. શર્મા તથા ગુજરાત ફ્રન્ટિયરના ઉપમહાનિરિક્ષક ડી.એસ. ભાટિયા ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે એકેડેમીના તાલીમ અધિકારી ઉપમહાનિરિક્ષક એ.એસ. રાઠોડે તાલીમ અને પધ્ધતિની સામગ્રીનું નિદર્શન કર્યું હતું. બીએસએફ દ્વારા આ તાલીમ કેન્દ્રના સંચાલન માટે ઉપકમાન્ડર મનોજકુમાર, સહાયક કમાન્ડર સુધીર કુમાર તથા શૈલેષકુમારની નિયુકિત કરવામાં આવી છે.

# ગાંધીનગરમાં યુવા પોલીસીના ઘડતર માટે સેમિનાર યોજાયો

## ગુજરાતમાં ૨૯ વર્ષ સુધીના યુવાનોની સંખ્યા ૨ કરોડથી વધુ

ગાંધીનગરમાં રાજયની યુવા પોલીસીના ઘડતર માટે યોજાયેલ બે દિવસીય સેમિનારનો દીપ પ્રગટાવી ઉદ્‌ઘાટન કર્યા બાદ યુવાનોની સંખ્યા ૨ કરોડથી વધુ છે. જેની ટકાવારી ૩૮.૨૧ ટકા થવા જાય છે. રાજયની ભૌગોલિક પરિસ્થિતિ આધારિત યુથ પોલીસી દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. સામાજિક પરિવર્તન, આર્થિક વિકાસ અને ટેકનોલોજી સંશોધન માટે દેશના



રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સચિવ વી.પી. પટેલે જણાવ્યું હતું કે, અસરકારક યુવા નિતીઓ સક્ષમ પરિસ્થિતિ નિર્માણ કરવામાં મહત્વનો ભાગ ભજવે છે. જેના થકી યુવાનો તેમના સંપૂર્ણ સામર્થ્ય અને મહત્વકાંક્ષાઓ ઉજાગર કરી શકે છે. રાજયના વિવિધ વિકાસ કાર્યક્રમોમાં યુવાનો કેન્દ્ર સ્થાને છે. રાજય સરકારે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ માટે બજેટની ફાળવણી રૂ. ૫૮૦ કરોડ કરી છે. વર્ષ-૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ ગુજરાતમાં ૨૯ વર્ષ સુધીના નક્કી થાય તો જ સ્થાનિક યુવાનોના પ્રશ્નો હલ થશે. રાજયનું યુવાધન ધુમ્રપાન, તમાકુ, ગુટકા અને અન્ય વ્યસનોથી મુક્ત રહે અને ગુજરાતના યુવાનો વિકાસ માટે વધુ સક્ષમ બની પોતાની સંપુર્ણ ક્ષમતાઓ પ્રાપ્ત કરે તે માટે વિવિધ માર્ગદર્શન પુરું પાડયું હતું.

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કમિશનર સતીશ પટેલે જણાવ્યું હતું કે, રાજયના શિક્ષણ, આરોગ્ય અને શ્રમ-રોજગાર વિભાગોના સંકલન દ્વારા રાજયની યુથ પોલીસી વધુ અસરકારક બને તે હેતુથી વિવિધ વિભાગોને સાંકળી લઈ આ બે યુવાનો મુખ્ય માનવ સ્ત્રોત છે. સતત વિકાસ માટે યુવાનોની કલ્પના, આદર્શ, ઉર્જા અને વિઝન આવશ્યક છે. નિરંતર વિકાસ ધ્યેય ૨૦૩૦ પ્રાપ્ત કરવા માટેનો આધાર યુવાનો છે. તેમણે ગુજરાતમાં યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સંદર્ભે ખેલ મહાકુંભ, કલામહાકુંભ, યુથ પ્રવૃત્તિઓ, વ્યકિતત્વ વિકાસ, ઉત્તારાર્ધ, વસંતોત્સવ, બાળ યુવા સ્પર્ધાઓ, દિવ્યાંગો માટે સાંસ્કૃતિક કાર્યક્રમમો અને રમતગમત ક્ષેત્રે યુવાનોને અપાતા વિવિધ એવોર્ડ સહિતની પ્રવૃત્તિઓનું પ્રેઝેન્ટેશન દ્વારા વિસ્તૃત માહિતી આપી હતી.

# ત્રિમંદીર તરફ જવાના માર્ગનુ વાઈડનીંગ ટ્રાફિકની અવરજવર પણ સરળ બનશે

ગાંધીનગર તા ૨

ગાંધીનગર શહેર ઉપરાંત આસપાસના વિસ્તારમાં પણ રોડ નેટવર્કના કામો હાથ ધરાયા છે. વરસાદી દિવસોના અંતે હવે આગામી વાઈબ્રન્ટ સમિટ સુધીમાં માર્ગ સુધારણાની કામગીરી પુર્ણ કરી દેવા માટે આયોજન કરાયુ છે. જેમાં સાબરમત્તી કલોલ રૂટમાં ત્રિમંદીર તરફ જતા બે કી મીના અંતરમાં સાત મીટરના પહોળા માર્ગને બાર લેન કરવા માટે કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

ગાંધીનગરમાં ચોમાસાના અંતે માર્ગ સુધારણાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જયારે હાલ માર્ગ સુધારણા અન્વયે શહેરના મુખ્ય ચ માર્ગનુ પણ પેવરકામ કરવામાં આવી રહ્યુ છે. જયારે ચ માર્ગ ઉપરાંત અન્ય રોડ નં-૪ એ તેમજ રોડ નં-૭ નુ પણ ટુંકમાં કામ હાથ ધરાશે. જયારે માર્ગ સુધારણાની કામગીરીને અનુલક્ષી જિલ્લામાં પણ રસ્તાના વિવિધ કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત ચિલોડા થી સરખેજ રૂટના માર્ગને પણ અપગ્રેડ કરવામાં આવી રહ્યો છે. જેના લીધે માર્ગ સલામતીને સ્પર્શતા પરિબળોનો પણ વિશેષ ખ્યાલ રાખવાનુ આયોજન આ પ્રોજેકટ અન્વયે કરવામાં આવ્યુ છે જયારે સાબરમત્તી કલોલ રૂટમાં ત્રિમંદિર તરફ જતા માર્ગને પણ ૧૨ લેન કરવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. બે કી મી નો આ માર્ગ હાલ અંદાજિત બન્ને બાજુ ૭ મીટર જેટલો પહોળો છે.પહોળો કરવામાં આવશે જેના લીધે આ રૂટમાં ટ્રાફિકની અવરજવર સરળ બનશે. જયારે રૂટમાં આવતા આગળ રેલવેના ગરનાળાને પણ ભાવિ સંજોગોને ધ્યાને લઈ પહોળુ કરવુ પડશે. આ ગરનાળુ પહોળુ કરવામાં આવે તો આ વાઈડનીંગની કામગીરીનો પુરો હેતુ સાર્થક થશે. જયારે આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧૪.૯૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ રૂટમાં કલોલ તરફ જવા ઉપરાંત ગાંધીનગર સહીત અમદાવનો ટ્રાફિક પણ ડાયવર્ટ થતો હોવાના લીધે આ માર્ગ પર ટ્રાફિકની ધમધમાટ પણ વિશેષ રહે છે. જયારે લાંબા સમયથી સાંકડા માર્ગ પર અનેકવાર નાના મોટા અકસ્માતો પણ સર્જાય છે. આવા સંજોગોમાં માર્ગ વાઈડનીંગનુ કામ હાથ ધરાતા આગામી દિવસોમા માર્ગ સુધારણાના અંતે ટ્રાફિકની અવરજવર વધુ સરળ બનશે. જયારે માર્ગ સલામતીને સાનુકુળ રોડ નેટવર્ક પણ ઉપલબ્ધ થશે.

# કુરેશીની બદલીના વિરોધમાં વકીલો કામગીરીથી દૂર રહ્યા

## મોટાભાગના વકીલો કોર્ટ પ્રાંગણમાં ન પ્રવેશ્યા : હાઈકોર્ટ એડવોકેટ એસોસિએશન દ્વારા પિટિશન થાય તેવી શકયતા

અમદાવાદ, તા.૨

જસ્ટિસ અકિલ કુરેશીની બદલીના વિરોધમાં આજે ગુજરાત હાઈકોર્ટમાં વકીલોએ સજ્જડ બંધ પાળ્યો હતો. ગુજરાત હાઈકોર્ટ એડવોકેટ્‌સ એસોસીએશન દ્વારા હડતાળના અપાયેલા એલાન અનુસંધાનમાં આજે લગભગ તમામ વકીલો કોર્ટ કામકાજથી આવી હતી, તે બદલીને જસ્ટિસ અકીલ કુરેશીને એકટીંગ ચીફ જસ્ટિસ તરીકેનો પદભાર સોંપાયો હતો. જો કે, તેમની બદલીનો વિવાદ હજુ યથાવત્‌ હોઈ હાઈકોર્ટના વકીલોમાં ભારોભાર નારાજગી ફેલાયેલી છે. જસ્ટિસ અકિલ કુરેશીની બોમ્બે હાઈકોર્ટની બદલીનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં મુદત માટે કામકાજથી અળગા રહી હડતાળ પર ઉતરી ગયા હતા. રાજયના તમામ બાર એસોસિએશનને પણ સમર્થન કરવા માટે અપીલ કરાઈ છે. એસોસીએશનની અગાઉ મળેલી બેઠકમાં જસ્ટિસ કુરેશી સાથે કોલેજિયમ દ્વારા અન્યાયપૂર્ણ વ્યવહાર કરવામાં આવી રહ્યો



અળગા રહ્યા હતા. મોટાભાગના વકીલો તો કોર્ટ પ્રાંગણમાં પ્રવેશ્યા ન હતા. તો ઘણા વકીલો હડતાળનો માહોલ જોઈ પરત ફરી ગયા હતા. હાઈકોર્ટના વકીલોએ આજે કોર્ટ કામગીરીથી અળગા રહી જસ્ટિસ અકીલ કુરેશીની બદલી સામે પોતાનો વિરોધ વ્યકત કર્યો હતો. બીજીબાજુ, ગુજરાત હાઈકોર્ટેના એકટીંગ ચીફ જસ્ટિસ તરીકે અનંત એસ દવેની જે નિયુક્તિ કરવામાં આવ્યું હતું. જસ્ટિસ અકિલ કુરેશીની બદલીથી વકીલો નારાજ છે અને આજથી અનિશ્ચિત મુદ્દતની હડતાળ પર ઉતરી ગયા છે. ગુજરાત હાઈકોર્ટમાં બીજા નંબરના સિનિયર જસ્ટિસ અકિલ કુરેશીની સુપ્રીમ કોર્ટના કોલેજિયમ દ્વારા બોમ્બે હાઈકોર્ટમાં બદલીની કરાયેલી ભલામણથી હાઈકોર્ટ બાર એસો.એ ભારે નારાજગી વ્યક્ત કરી હતી અને આજથી અનિશ્ચિત હોવાનો સૂર વ્યક્ત કરવામાં આવ્યો હતો. એસોસિએશનના પ્રમુખ યતિન ઓઝાના નેતૃત્વ હેઠળ યોજાયેલી બેઠકમાં ત્રણ મુદ્દાનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. જેમાં જસ્ટિસ કુરેશીની બદલી કોઈપણ રીતે વાજબી નથી, સુવ્યવસ્થિત ન્યાયના પ્રબંધન સાથે તેનો કોઈ સબંધ નથી, આ બદલી ન્યાયતંત્રની સ્વતંત્રતા પર તરાપ સમાન ગણાવાયો હતો.

# વિશ્વકર્મા એન્જિનીયરીંગ ખાતે સતર્કતા સપ્તાહની ઉજવણી

ગાંધીનગર પાસેના ચાંદખેડા સ્થિત વિશ્વકર્મા એન્જિનીયરીંગ કોલેજ ખાતે ઓએનજીસીના ઉજવણીમાં ગુજરાત હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ રવિ ત્રિપાઠી, ડીસીપી પન્ના મોમાયા, ઈન્સ્ટિટ્યુટ



સહયોગથી સતર્કતા સપ્તાહની ઉજવણીનું આયોજન કરાયું છે. આ અંતર્ગત આયોજિત કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ તથા પ્રાધ્યાપકોએ મળીને અંદાજે ૨૦૦ જેટલી વ્યક્તિઓએ ભારતને ભ્રષ્ટાચાર મુક્ત રાષ્ટ્ર બનાવવામાં યોગદાન આપવાના શપથ લીધા હતા. "ભ્રષ્ટાચાર હટાવો-નવુ ભારત બનાવો" થીમ આધારિત આયોજિત સતર્કતા સપ્તાહની ઓફ એન્જીનીયર્સના પ્રમુખ નવિનચંદ્ર વસોયા, ગુજરાત સતર્કતા કમિશનના મયુર મહેતા, જીટીયુના રજીસ્ટ્રાર ડૉ. એસ.ડી. પંચાલ, ઓએનજીસીના સતર્કતા વિભાગના ડીજીએમ આર.સી. સિંહ મહેમાનપદે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વિશ્વકર્મા એન્જિનીયરીંગ કોલેજના આચાર્યા ડૉ. આર.કે. ગજ્જર પણ ઉપસ્થિત રહ્યા હતા.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ